સુરત મહાનગરપાલિકા
જાહેરનામું

...

હાલમાં વિશ્વભરમાં નોવેલ કોરોનાવાયરસ COVID-19 ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરેલ છે અને ભારતમાં પણ COVID-19 ના કેસો નોંધાયેલ છે. જે બાબતે ભારત સરકારશ્રી અને ગુજરાત સરકારશ્રીધ્વારા સમયાંતરે નોવેલ કોરોનાવાયરસ COVID-19 ને ફેલાતો અટકાવવા માટે વિવિધમાર્ગદર્શિકાઓ જાહેર કરવામાં આવેલ છે. સુરત શહેરમાં કોરોના વાઈરસના સંક્રમણને ધ્યાને લેતા, શહેરનાં કેટલાક વિસ્તારમાં સોશીયલ ડીસ્ટન્સીંગ (Social Distancing) જળવાવું જોઈએ તે જળવાતું નથી. જેથી નોવેલ કોરોના વાયરસ COVID-19 નું સંક્રમણ ફેલાવવાની શકયતાઓ રહેલી છે.

આથી હું ગાયત્રી જરીવાલા, આસી.મ્યુ.કમિશ્નર તથા ઇ.ચા ડે.મ્યુ.કમિશ્નર, સુરત મહાનરપાલિકા, સુરત ગુજરાત રાજય એપેડેમીક ડીસીઝ એકટ–૧૮૯૭ ની કલમ–૨, ૩ અને ૪ થી પ્રાપ્ત સત્તા અન્વયે તથા ગુજરાત રાજયના આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર ના જાહેરનામા ક્રમાંક નં.N.CV/102020/SF-1/G,Date:20/03/2020 ના પેરા નં.૧૧ તથા હુકમ નં.DP-01-2020-214 No.CNF-024, Dt.02/04/2020 અન્વયે મળેલ અધિકારની રૂએ સુરત મહાનગરપાલિકામાં આવેલ સેન્ટ્રલ ઝોનના નીચે જણાવેલ વિસ્તારોના લોકોને MICROCLUSTER તરીકે જાહેર કરી બીજો હુકમ ન થાય ત્યાં સુધી તે વિસ્તારનાં લોકોને ફરજીયાત હોમ કવોરન્ટાઈનમાં રહેવા હુકમ કરુ છું.

| અ. નં. | વિસ્તાર | ઘરો ની સંખ્યા | વસ્તી |
|---|---|---|---|
| ૧ | વોર્ડ નં.૦૧, નોંધ નં.૩૦/૭૬, મર્ચન્ટ કોલોની, ગાંધી સ્મૃતિ ભવન પાસે, નાનપુરા | 65 | 152 |
| ૨ | વોર્ડ નં.૧૧, નોંધ નં.૨૪૯૮, માછલીપીઠ, ગીરા મેડીકલ અજન્સી પાસે, નવું સાંઈબાબા મંદિર, શાહપોર | 10 | 26 |
| | કુલ | ૭૫ | ૧૭૮ |

ઉપરોક્ત હુકમનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે અન્યથા સદર હુકમનો અનાદર કરનારની સામે ઈન્ડીયનપીનલ કોડની કલમ–૧૮૮ તથા એપેડેમીક ડીસીઝ એકટ–૧૮૯૭ હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

નં.પી.આર.ઓ/૧૯૮૨/૨૦૨૧–૨૨
તા.૨૧/૦૯/૨૦૨૧

આસી.મ્યુ.કમિશ્નર તથા ઇ.ચા ડે.મ્યુ.કમિશ્નર
સુરત મહાનગરપાલિકા